## જે.એમ. શાહ આર્ટ્સ & કોમર્સ કોલેજ, જંબુસર

## કોલેજ કેમ્પસ, ટંકારીભાગોળ, જંબુસર-૩૯૨૧૫૦

### સિનિયર કલાર્ક ઉમેદવાર માટે અગત્યની સૂચના

૧) આપેલ પ્રશ્નપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે, જેનો ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનિટનો રહેશે.

૨) પ્રત્યેક પ્રશ્નો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

૩) ઉમેદવારા જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તર પત્રકમાં વિકલ્પ E આપેલ છે.

૪) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજિયાત છે.

૫) પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતી દાખલ કરવામાં આવી છે.

-જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે, જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહિ.

-જવાબચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એક પ્રશ્નના એક થી વધુ વિકલ્પો સાચા છે તેમ હેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (૧) ગુણ મળવા પાત્ર થશે.

૬) ઉમેદવારે વાદળી/કાળી બોલ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહી તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતેપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.

૭) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લૂટૂથ, સ્માર્ટવોચ, કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૮) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત, અવાજ કરવો જે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

૯) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

૧૦) પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર તેમજ ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સોચનાઓ આપવામાં આવે તો ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

૧૨) પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરીપત્રક પોતાનો ફોટો ચોટાડી સાથે અચુક લાવવાનો રહેશે, અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૧૩) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેકશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્ર ની ઓરીજનલ સાથે રાખવાની રહેશે.

૧૪) નિર્ધારીત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે.

CamScanner

૧૫) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલક્યૂલેટર, પેનડ્રાઈવ, સી.ડી., વગેરે જેવા કોઈ પણ વીજાણુ સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૬) પરીક્ષા શરૂ થયા પછી પ્રવેશ મળી શકશે નહી.

૧૭) ઉમેદવારે પરીક્ષા ખંડમાં મોબાઈલ લાવવાનો રહેશે નહી.

૧૮) ચેતવણી- કોલેજ દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા કોલેજ ઉપર અથવા કોલેજના અધિકારશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો, તેવા ઉમેદવારને આચાર્યશ્રી દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

૧૯) વિશેષ સૂચના – ઉમેદવારોને લાંચ રિશ્વત/લાલચ કે છેતરપીંડી આચારે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

૨૦) પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સૂચનાઓ કોલેજની વેબસાઈટ http://www.jmshahcollege.org/ પર મૂકવામાં આવી છે.

૨૧) જે જગ્યાના લાયક ઉમેદવારોને કોલ લેટર RPAD દ્વારા મોકલવામાં આવશે.

૨૨) અનામત વર્ગના ઉમેદવાર, બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે.

૨૩) સિનિયર કલાર્ક માટે ઉમેદવાર ની ઉંમર તા.૦૧/૧૦/૨૦૨૫ના રોજ ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ ન હોવી.

૨૪) ઉમેદવારે પ્રથમ તબક્કાની પ્રીલીમીનારી પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની અલગ યાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવશે અને કોલેજ વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે.

૨૫) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમા રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબક્કે 'રદ' ગણવામાં આવશે.

૨૬) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

૨૭) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી કોલેજ 'રદ' કરી શકશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક, મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે 'રદ' કરવામાં આવશે.

૨૮) કોલેજ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તર્ણી થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

૨૯) કોલેજ તરફથી આપવામાં આવતી જરૂરી સૂચનાઓ જોવા માટે કોલેજની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

**I/C PRINCIPAL**
J.M.Shah Arts & Commerce College
JAMBUSAR : 392150. Dist. : Bharuch

CamScanner